# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)

SPIPA

Light the Lamp of Knowledge

ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૫

ફોન : (079) 2674 7612-36 ફેક્સ : (079) 2674 9048

www.spipa.gujarat.gov.in


ક્રમાંક : પરક્ષ / ૨૦૧૫ /જાન્યુઆરી/ના.સે.(બઢતી)/સચિવાલય/ પ.પ્ર. તા.૦૨/૧૨/૧૪

વિષય :– સચિવાલય અને સંલગ્ન કચેરીઓના કારકૂન / ટાઈપીસ્ટોની નાયબ સેકશન અધિકારી ની જગ્યાએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા **તા.૨૭/૦૧/૧૫ થી તા.૨૯/૦૧/૧૫**

: પરિપત્ર :

સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા,અમદાવાદ ખાતે સચિવાલય અને સંલગ્ન કચેરીઓના કારકૂન/ ટાઈપીસ્ટોની નાયબ સેકશન અધિકારીની જગ્યાએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા **તા.૨૭/૦૧/૧૫ થી ૨૯/૦૧/૧૫** નાં રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા કર્મચારીઓનાં નામની યાદી તાત્કાલિક આ સંસ્થાને મોકલી આપવા વિનંતી છે.જેથી બેઠક નંબરની ફાળવણી સમયમર્યાદામાં થઈ શકે. આ સાથે પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ સહ **હાજરી પત્રકનો નમુનો પરિશિષ્ટ–'અ' માં** અને ઓળખપત્રનો નમુનો **પરિશિષ્ટ–' બ 'માં સામેલ છે.**

૧. સરદહુ પરીક્ષામાં બેસવા માટેની અરજી નિયતનમુનામાં સંપૂર્ણ વિગતો ભરીને સંબંધિત વિભાગ/ કચેરી મારફત **તા.૧૩/૦૧/૧૫** સુધીમાં સ્પીપાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. પરીક્ષામાં બેસવા માટેની અરજી પાછી ખેંચવાની **તા.૨૦/૦૧/૧૫** નિયત કરવામાં આવે છે.નિયત સમય મર્યાદા બહાર મળેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

૨. અરજી પત્રકમાં સંપૂર્ણ વિગતો ભરીને સંબંધિત વિભાગ/કચેરીના મહેકમનો હવાલો ધરાવતા અધિકારીશ્રીએ તે સાચી હોવાનું યોગ્યતાનું પ્રમાણપત્ર અવશ્ય આપેલું હોવું જોઈશે. અનુભવે એવુ જણાયેલ છે કે કેટલાક અરજદારો તેમના અરજી પત્રકમાં અગાઉની પરીક્ષાની તારીખો સાથેની વિગતો, તકની સંખ્યા મળેલ મુકિતની વિગતો સંપૂર્ણ અને સાચી જણાવતા નથી. આ પરિસ્થિતિમાં જે તે ઉમેદવારો દોષિત ઠરે છે અને તે અરજી પત્રક પ્રમાણિત કરનાર અધિકારીની પણ જવાબદારી ઉભી થાય છે. આ સ્થિતિ નિવારવા અરજદારો તેમના અરજીપત્રકમાં સંપૂર્ણ અને સાચી વિગતો ભરે તે જોવા મહેકમ અધિકારીશ્રીને વિનંતી કરવામાં આવે છે.અધુરી અને ખોટી વિગતોવાળા અરજીપત્રકોને કારણે પરીક્ષામાં ઉપસ્થિત ન થવા દેવામાં આવે તો તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત ઉમેદવાર અને સંબંધિત વિભાગના અરજી પ્રમાણિત કરનાર અધિકારીશ્રીની રહેશે.

૩. નિયત તક કરતા વધુ તકથી ઉપસ્થિત થનાર કર્મચારીએ રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) ચલણથી જમા કરાવી અસલ ચલણ અરજીપત્રક સાથે સામેલ કરવાનું રહેશે. ચલણ "૦૦૭– બીજી વહીવટી સેવાઓ(અ) બીજી આવક (ક) ભાષા પરીક્ષા અને બીજી ફી" ના સદરે ભરવાનું રહેશે. જે કિસ્સામાં ફી ભરીને પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોના અરજીપત્રક સાથે જરૂરી ફી ભર્યાનું ચલણ સામેલ નહી હોય તો તેવા અરજી પત્રકો દફતરે કરવામાં આવશે. તેની ખાસ નોંધ લેવી.